# મહેસાણામાં પોલીસની રહેમ નજર હેઠળ શટલીયા ચાલકો મોજમાં

## વિવિધ રૂટો પર રોજિંદા અમર્યાદીત મુસાફરો ભરીને ખાનગી વાહનો દોડી રહ્યા છે

મહેસાણા, તા. ૨

મહેસાણામાં પોલીસતંત્રની રહેમ નજરતળે કાયદાની ઐસી કી તૈસી કરીને વિવિધ રૂટો પર રોજિંદા અમર્યાદ મુસાફરો ભરીને ખાનગી વાહનો દોડી રહ્યા છે. છતાં પોલીસ તથા આર.ટી.ઓ. તંત્ર દ્વારા કાનૂનીરાહે કોઈ કડક પગલાં ભરાતાં નથી. પરિણામે અવારનવાર જીવલેણ તેમજ અન્ય અકસ્માતો સર્જાય છે. જેમાં કેટલાયે માનવીઓની જીવનદોરી ટૂંકાય છે. આ વિસ્તારમાં છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન હાઈવે પર તેમજ અન્ય માર્ગો ઉપર ખાનગી વાહનોના અકસ્માતોના ઘણા કિસ્સા નોંધાયા છે. જેમાં કેટલાય વ્યક્તિઓના કરૂણ મોત નિપજ્યાં હોવાનું તેમજ કેટલાયે ઘાયલ થયા છે.

મહેસાણા જિલ્લાના જુદા જુદા રૂટો પર ખાનગી વાહનો એસ.ટી.ની શિડ્યુલ બસોની સમાંતરે દોડી રહ્યા છે. આવા વાહનોમાં ઘેટાં-બકરાંની જેમ અમર્યાદ મુસાફરો ભરાય છે. આવા વાહનોના ચાલકો કમાવવાની લ્હાયમાં પુરઝડપે અને ગફલતભરી રીતે વાહનો હંકારીને મુસાફરોની જીંદગી જોખમમાં મુકે છે.

ગેરકાયદે મુસાફરો ભરીને દોડતા વાહનો મુખ્યત્વે એસ.ટી. બસ મથકોની આસપાસ અડ્ડો જમાવે છે. અને મોટાભાગે એસ.ટી. બસોના મુસાફરોને જ પોતાના વાહનોમાં ખેંચી જાય છે. જેથી એસ.ટી. તંત્રની આવક પર આની સીધી અસર પડે છે. નામદાર રાજ્યની વડી અદાલતે બસ મથકોની આસપાસના ચોક્કસ વિસ્તારમાં ખાનગી વાહનો ઉભા રાખવા પર છેલ્લા ઘણા વખતથી પ્રતિબંધ ફરમાવેલ છે. આ ઉપરાંત જિલ્લાના અધિક કલેક્ટર દ્વારા પણ જાહેરનામુ બહાર પડાયેલ છે. તેમ છતાં તેનું સરેઆમ ઉલ્લંઘન થઈ રહ્યું હોય તેમ જણાય છે.

પોલીસતંત્રમાં ભ્રષ્ટાચાર જાણે શિષ્ટાચાર બની ગયો હોય તેવી સ્થિતિ પેદા થઈ હોવાનું ચર્ચાય છે. કેવળ નાણાં કમાવા પર જ પોલીસે ધ્યાન કેન્દ્રિત કર્યું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. કહે છે કે, ભ્રષ્ટાચારના કુંડાળામાં કોન્સ્ટે. થી માંડીને ઉચ્ચ પોલીસ અધિકારીઓના પગ ખરડાયેલા હોવાનું બોલાય છે. હવે મે આઈ હેલ્પ યુ ના બોર્ડ શોભાના ગાંઠિયા સમાન બની ગયા છે. કથિત ભ્રષ્ટાચાર અને ચોર કોટવાળને ડંડે તેવી પોલીસની કાર્યશૈલીના કારણે આમ નાગરિકો, બુદ્ધિજીવી વર્ગના લોકો મોટા ભાગે પોલીસની મદદ કે સહાય મેળવવામાં ખચકાટ અનુભવે છે.

ખાનગી વાહનોમાં અમર્યાદીત મુસાફરો ભરીને કાયદાની ઐસી કી તૈસી થઈ રહી છે અને અવારનવાર જીવલેણ અકસ્માતોમાં કેટલાયના મોત થતા જાય છે. પોલીસની પરવાનગી વગર ખાનગી વાહનો આવી રીતે દોડી શકે તેમ નથી તેવુ લોકોનું માનવું છે. મુસાફરો ભરીને દોડતા ખાનગી વાહનોના ચાલકો કે સંચાલકો તરફથી ટ્રાફીક પોલીસ તેમજ જે તે હદની પોલીસને દર મહિને તગડા હપ્તાઓ ચૂકવાતા હોવાનું ચર્ચાય છે. જિલ્લાની લાંચ રૂશ્વત વિરોધી શાખાનું તંત્ર પણ ભ્રષ્ટાચારની બદીને ડામવામાં સદંતર નિષ્ફળ નિવડ્યું હોવાની છાપ લોકમાનસમાં ઉભી થઈ છે.

# ડીસામાં બાડમેરથી યશવન્તપુરા સાપ્તાહિક ટ્રેનને મળ્યું સ્ટોપેજ

ડીસા, તા. ૨

ડીસા રેલવે સ્ટેશન ખાતેથી લાંબા રૂટની પસાર થતી રેલવે ટ્રેનોને સ્ટોપેજ આપવા ડીસા ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા અનેકો વખત રજુઆત કરાઈ હતી. જે આજથી રેલવે વિભાગે શરુ કરેલી બાડમેરથી યશવન્તપુરા સાપ્તાહિકી ટ્રેનને ડીસામાં સ્ટોપેજની માંગણી સ્વીકારાતા ડીસા સહિત આજુબાજુના મુસાફરોમાં આનંદ છવાયો છે.

આ ઘટનાની મળતી વિગતો જોઈએ તો બનાસકાંઠાનું વેપારી મથક ડીસામાં વર્ષો જુનું રેલવે સ્ટેશન આવેલું છે. આ શહેર વેપાર ધંધા સાથે વિકસિત બનતા અમદાવાદ, સુરત, મુંબઈ સહીતના મોટા શહેરોમાં અહીંના વહેપારી વર્ગ અને લોકોને છાશવારે આ મોટા શહેરોમાં પ્રવાસે જવું પડે છે. જો કે આ રેલવે સ્ટેશન વિકાસથી વંચિત રહેતા નવી ટ્રેનો, સ્ટોપેજ, સહીતની અનેક વિધ માંગણી સાથે અહીંની સ્થાનિક એન.જી.ઓ., ચલાવી રહી છે. જેમાં લાંબા અંતરની એક નવીન વાતાની કુલીન પેસેન્જર સાપ્તાહિકી ટ્રેનનો આજથી શુભારંભ કરેલ છે. ટ્રેન નંબર ૧૪૮૦૬



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ચેમ્બર્સ ઓફ કોમર્સ દ્વારા રેલવે સુવિધા માટેની એક લાંબી લડત ટ્રેન રેલવે વિભાગે રાજસ્થાનનાં બાડમેરથી યશવન્તપુરા સુધીની એક રાજસ્થાનનાં બાડમેરથી સવારે ૧ કલાકે ઉપડી ડીસા મુકામે સવારે ૯.૨૮ કલાકે આવશે જયારે શુક્રવારે રીટર્નમાં આજ ટ્રેન યશવન્તપુરાથી રવાના થશે જે જે ડીસા મુકામે બુધવારના રોજ રાત્રે ૧-૦૭ કલાકે પહોંચશે. આમ ડીસામાં આ સાપ્તાહિકી ટ્રેનનું સ્ટોપેજ ફળવાતા અને આ ટ્રેન બાડમેર, બાલોત્રા, સમદડી, જાલોર, ભીનમાલ, રાણીવાડા, ધાનેરા, ભીલડી, ડીસા, પાલનપુર, મહેસાણા, સાબરમતી, અમદાવાદ, આણંદ, વડોદરા, અંકલેશ્વર, સુરત, વસી, લોનાવાલા, પુના, સોલાપુર, હાજીપુર, બાગામી ગાદલા, કુવાળી, દમનગીરી થઈ યશવન્તપુરા પહુંચશે. આ ટ્રેનની શરૂઆત અને ડીસાના સ્ટોપેજથી પોતાની ન્યાયિક માંગણી સંતોષતા ટ્રેનના ચાલકને શાલ ઓઢાડી ચેમ્બર ઓફ કોમર્સના હસમુખભાઈ વેદલીયા સહીતના આગેવાનોએ રેલવે તંત્રનો આભાર માન્યો હતો.

# ચૂંટણીમાં પ્રથમવાર બજારો સંપૂર્ણ બંધ રહ્યા

ડીસા, તા. ૨

મતદાનના દિવસે સરકાર દ્વારા જાહેર રજા જાહેર કરાતા બનાસકાંઠા જીલ્લાના પાલનપુર ડીસા, થરાદ, ધાનેરા, વાવ સહિતના શહેરી વિસ્તારોમાં બજારો બંધ જોવા મળી હતી.

બનાસકાંઠા-પાટણ સંસદીય મત વિસ્તારમાં ચૂંટણીનાં પગલે બજારો સુમસામ જોવા મળી હતી.જીલ્લામાં પ્રથમવાર ચૂંટણીના દિવસે સો ટકા બજાર બંધ રહેવાની પ્રથમ ઘટના આ વખતની ચૂંટણીમાં જોવા મળી હતી. શહેરોની જાગૃત જનતા અને વેપારીઓ ચૂંટણીના પર્વને ઉજવવા માટે જોડાઈ ગયા હોય તેમ કમાણીની સીઝન વચ્ચે પણ પોતાના વેપાર ધંધા બંધ રાખ્યા હતા. જેના કારણે ગ્રામ્ય વિસ્તારોમાંથી ખરીદી અર્થે આવેલી જનતા અટવાઈ પડી હતી. ડીસા શહેરમાં ૯૯ ટકા દુકાનો બંધ હોવાથી ગામડાના લોકોને ભારે પરેશાની વેઠવી પડી હતી.

એકલ દોલક ચાલુ દુકાનદારોએ તકનો લાભ ઉઠાવી ગ્રાહકોની ઉઘાડી લૂંટ ચલાવી હોવાની ગ્રાહકોએ જણાવ્યું હતું. જો કે બજાર સંપૂર્ણ બંધ હોવાથી બપોરના એક વાગ્યા સુધી ખરીદી અર્થે આમ તેમ આંટા માર્યા બાદ ગ્રાહકોએ ચલતી પકડી હતી. ડીસામાં દુકાનદારોથી લઈ લારી ગલ્લા ધારકોએ પણ રજા રાખી હતી. જેના કારણે કરફયું લદાયો હોય તેવો માહોલ સર્જાયો હતો. કેટલાક દુકાનદારો રવિવાર અને તહેવારોની રજાના દિવસે ચોરી ચુપકીથી દુકાનો ખોલીને બેસી જતા હતા. તેઓએ પણ ચૂંટણીના દિવસે રજા રાખી હતી.

આ બાબતે ડીસાના નરેશ પ્રોવિઝન સ્ટોર્સના માલીક યુધિષ્ઠિર ખત્રીએ જણાવ્યું હતું કે, મતદાન માટે સરકારે જાહેર રજા જાહેર કરી હતી. અમે ઘરાકીના માહોલમાંપણ દુકાનો બંધ રાખીને લોકશાહીના પર્વમાં ભાગીદાર બન્યા હતા.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

## ડીસા ખાતે લગ્નમાં આવેલ યુવક પટકાતા ઈજાગ્રસ્ત : ડૉક્ટરોની મનમાની..

ડીસા ખાતે કચ્છીકોલોની વિસ્તારમાં રહેતા નાગજીભાઈ પ્રજાપતિના ઘરે લગ્નમાં આવેલ યુવક નામે રમેશભાઈ ગાંજીભાઈ પ્રજાપતિ, ઉ.વ.આ. ૩૦ જે લગ્ન પ્રસંગે કામ કરાવતો હતો. જે કામ સમયે અચાનક ઉપરથી પટકાતા માથાના ભાગે ઈજાઓ થવા પામી હતી. આ ઈસમને ડીસાના સેવાભાઈ હીંમતલાલ ઠક્કર દ્વારા તેમને ડીસાની સી.કે.પટેલ હોસ્પિટલ તેમજ નરેન્દ્રવ્યાસ ની હોસ્પીટલમાં તાત્કાલિક સારવાર માટે લઈ જતા બન્ને ડૉક્ટરોએ ૧૦.૩૦ પહેલા આવવાની ના પાડી હતી. જેથી તેને તાત્કાલિક સારવાર અર્થે ડીસાની ભણસાલી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં પ્રાથમીક સારવાર આપ્યાબાદ તુષાર પટેલની પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયો હતો. ઉપરોક્ત બન્ને ડૉક્ટરોએ માનવતા નેવે મુકી છે તેવું હિંમતલાલ ઠક્કરે જણાવેલ અને તુષાર પટેલનો આભાર માનેલ.

## ઈડર તાલુકાના ઢીંચણીયા ગામનો ઈસમ લુંટના ગુનામાં સંડોવાયેલો ઝડપાયો

ભિલોડા, તા. ૨

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના ઢીંચણીયા ગામનો ઈસમ લુંટના ગુનામાં અગાઉ સંડોવાયેલો ઝડપાયો છે. ભિલોડા પોલીસ સ્ટેશનમાં લુંટના ઈસમ વિરૂધ્ધ ગુનો દર્જ કરી ફરીયાદ નોંધાતાં ચકચાર મચી જવા પામી છે.

ભિલોડા પી. એસ.આઈ. વી. યુ. ચાવડાને આધારભુત સુત્રો ધ્વારા બાતમી મળતાં ઈડર તાલુકાના ઢીંચણીયા ગામના અલ્પેશભાઈ વડેરા અગાઉ લુંટના ગુનામાં સંડોવણી હોવાથી ધરપકડ કરવામાં આવી હતી. ઢીંચણીયા ગામના ઈસમ વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં આઈ.પી. સી.કલમ ૩૯૫, ૩૯૭, ૧૩૫-બી.મુજબ ગુનાની ફરીયાદ નોંધાઈ હતી.

## પીએચ.ડી.ની પદવી મેળવી

વિજયનગર આર્ટસ કોલેજના અધ્યાપક ડૉ. ભિમજીભાઈ પટેલે



'ઉત્તર ગુજરાત ક્ષેત્રની શાળાઓમાં શારીરિક શિક્ષાની દશા અને દિશા' વિષય પર સંશોધન કરતા જૈન વિશ્વભારતી યુનિવર્સિટી રાજસ્થાને માન્ય રાખી ડોકટર ઓફ ફિલોસોફીની પદવી એનાયત કરી છે.



બનાસકાંઠા જિલ્લા પરશુરામ પરિવાર દ્વારા ભગવાન પરશુરામની જન્મ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જન્મ જયંતિ નિમિત્તે બ્રાહ્મણોએ પરશુરામ ભગવાનની પૂજા અર્ચના કરી હતી અને રાત્રે ભવ્ય લોકડાયરો યોજ્યો હતો. જેમાં ગુજરાતના કલાકારો ભદ્રેશ દવે, જીતુ લીમ્બાચીયા, આશા ગોસ્વામી જેવા કલાકારો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

સાબરકાંઠા જિલ્લામાં લોકસભાની ઐતિહાસિક ચૂંટણીમાં

# કોણ જીતશે કોણ હારશે, કોણ સંસદસભ્ય બનશે તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું

ભિલોડા, તા.૨

સાબરકાંઠા જીલ્લામાં ૧૬મી લોકસભાની ઐતિહાસિક ચુંટણીમાં કોણ જીતશે,કોણ હારશે,કોણ સંસદ સભ્ય બનશે તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. રાજકીય ગણતરીબાજ પંડીતો મતદાનની ટકાવારી મુજબ એનાલીસીસ કરવામાં ભારે મશગુલ હોવાનું જાણવા મળેલ છે. સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટના ઉમેદવારો, ટેકેદારો, રાજકીય કાર્યકરો, રાજકીય પંડીતો તેમજ જાગૃત પ્રજાજનોમાં જ્યાં જુઓ ત્યાં કોણ જીતશે કોણ હારશે, કોણ સંસદ સભ્ય બનશે તેવી ચર્ચાઓએ ભારે જોર પકડ્યું છે. સાબરકાંઠા જીલ્લા ૧૬મી લોકસભાની ઐતિહાસિક ચુંટણીનું મતદાન તા.૩૦/૪/૨૦૧૪ ને બુધવારના રોજ શાંતિપુર્ણ માહોલમાં યોજાયું હતું. અસહ્ય કાળઝાળ ગરમીના માહોલમાં ૬૭.૩૦ ટકા મતદાન થયેલ હોવાનું જાણવા મળેલ છે પરંતુ લોકમુખે ચર્ચાય છે કે મતદાનની ટકાવારી મુજબ અકલ્પનીય પરીણામ આવશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા છે. ઉમેદવારોના ભાવી મતદારોએ ઈ.વી.એમ. મશીનોમાં સીલ કરી દીધા છે. ઈ.વી.એમ.મશીનો સ્ટ્રોંગ રૂમમાં લોખંડી સુરક્ષામાં મુંકાયા છે. ૧૬મી લોકસભા ચુંટણી નિમિત્તે વહીવટી તંત્રના અધિકારીઓએ રાહતનો દમ લીધો છે.મતગણતરી તા.૧૬/૫/૨૦૧૪ ને શુક્રવારના રોજ ૧૬મી લોકસભાના ઉમેદવારોના પરીણામો જ્યાં સુધી જાહેર નહી થાય ત્યાં સુધી સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટના ઉમેદવારો, ટેકેદારો, રાજકીય કાર્યકરો, રાજકીય પંડીતોના જીવ તાળવે ચોંટેલા રહેશે તેમ લોકમુખે ચર્ચાય છે. સાબરકાંઠા જીલ્લા લોકસભા સીટના ઉમેદવારો, ટેકેદારો, રાજકીય કાર્યકરો, રાજકીય પંડીતો અને પ્રજાજનો અવનવી ગણતરીઓ કરી રહ્યા છે.કોણ જીતશે,કોણ હારશે તેની અટકળો તેજ બની ગઈ છે. સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં ૧૬મી લોકસભાની ઐતિહાસિક ચુંટણીમાં આદિવાસી વિસ્તારના મતો નિર્ણાયક પુરવાર થશે તેમ લોકમુખે જાણવા મળેલ છે.

હવે ઉમેદવારોએ દરેક બુથ ઉપર થયેલ મતદાનની ટકાવારી મુજબ રાત-દિવસ ગણતરીઓ કરતાં-કરતાં મુઝાય છે, ત્યારે જાગૃત મતદારો મુખ મલકાય છે.હીટવેવમાં પણ હીટ મતદાનને પગલે ભાજપ, કોંગ્રેસ, અપક્ષવાળા પરસેવે રેબઝેબ બનતા હોય છે તેમ લોકમુખે ચર્ચાય છે.

# જાયન્ટસ ગ્રૃપ ઓફ મોડાસા દ્વારા ગુજરાત રાજ્ય સ્થાપના દિનની ઉજવણી કરાઈ



(તસવીર : જીતેન્દ્ર પટેલ, ધનસુરા)

ધનસુરા, તા. ૨

મોડાસા નગરના સ્લમ વિસ્તાર ડુંગરીમાં જાયન્ટસ ગ્રૃપ ઓફ મોડાસા દ્વારા ગુજરાત રાજ્ય સ્થાપના દિનની વિશિષ્ટ રીતે ઉજવણી કરવામાં આવી.

જાયન્ટસ ગ્રૃપ દ્વારા સ્લમ વિસ્તાર ડુંગરીના બાળકોને ગુજરાત રાજ્ય સ્થાપના દિન નિમિત્તે ચોકલેટ વિતરણ કરી મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. ત્યારબાદ ગુજરાત રાજ્યની સ્થાપનાનો ઈતિહાસ અને તેની ગરીમાની જાણ બાળકોને કરવામાં આવી તેમજ તેમની વચ્ચે રમત-ગમત સ્પર્ધા યોજવામાં આવી હતી.

હાલની કાળઝાળ ૪૫ ડીગ્રી ગરમીમાં બાળકો ખુલ્લા પગે ચાલતા હોઈ જાયન્ટસ ગ્રૃપ મોડાસાના સૌ હોદ્દેદારોએ સાથે મળી ૬૦ જેટલા બાળકોને ચંપલનું વિતરણ કરી ઉમદા માનવીય અભિગમ દર્શાવ્યો હતો.

આ પ્રસંગે જાયન્ટસ પ્રમુખ રાકેશ પટેલ, ડાયરેક્ટરશ્રી નિલેશ જોષી, પૂર્વ પ્રમુખ નવનીતભાઈ પરીખ, ઉપપ્રમુખ ધર્મેન્દ્રભાઈ ત્રિવેદી, મંત્રી મુકુન્દ શાહ ઉપરાંત હાજી ઉસ્માન બાયડીયા તેમજ માલપુરના વિકલાંગ કાર્યકર જીજ્ઞેશ ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

જાયન્સ ગ્રૃપ દ્વારા આવા ઉમદા માનવીય કાર્યક્રમથી સર્વોદયનગર વિસ્તારમાં એક નવો દાખલો બેસાડ્યો હતો. ચંપલ મળતા બાળકો ખુશ ખુશાલ ચહેરે આમતેમ ફરવા લાગ્યા હતા. કાર્યક્રમની આભારવિધિ નિકેષ પરમારે અને શૈલેષભાઈ ભોઈએ કરી હતી.

# ચાંદલોડીયા દેરાસરમાંથી તસ્કર મૂર્તિ ચોરી પલાયન

અમદાવાદ, તા.૦૨

શહેરના ચાંદલોડીયા વિસ્તારમાં આવેલી ગજરાજ સોસાયટીના જૈન દેરાસરમાંથી ભરબપોરે તસ્કરો ભગવાનની મૂર્તિ ચોરી ગયા હોવાનું પ્રકાશમાં આવ્યું છે. આ મામલે સોલા પોલીસે ફરીયાદ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગત અનુસાર, સોલા પોલીસ મથકની હદમાં આવેલ ગજરાજ સોસાયટીમાં એક જૈન દેરાસર આવેલું છે. ગતબપોરના સમયે તસ્કરો આ દેરાસરમાં ત્રાટક્યા હતા. દેરાસરમાં રહેલી આઠ જેટલી ભગવાનની મૂર્તિને તસ્કરો ચોરી ભાગી ગયા હતા. આ અંગેની જાણ થતાં દેરાસરના ટ્રસ્ટી રાજેશભાઈ કુંદનલાલ જૈનએ સોલા પોલીસ મથકમાં ફરીયાદ દાખલ કરાવી હતી.

હાલ આ મામલાની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડાભી કરી રહ્યા છે. જૈન દેરાસરમાં થયેલી ભગવાનની મૂર્તિની ચોરીની જાણ વાયુ વેગે રહીશોમાં ફેલાતા લોકોમાં રોષની લાગણી જોવા મળી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તસ્કરો હવે બંધ ઘર, ઓફીસની સાથે સાથે ધાર્મિક સ્થળોને પણ ટાર્ગેટ બનાવી રહ્યા છે.

# ભિલોડા તાલુકાના રીંટોડા ગામમાં ખેતરમાં પાણી વાળવાના મુદ્દા પર ઝગડો

ભિલોડા, તા.૨

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના રીંટોડા ગામના સીમવિસ્તારમાં આવેલ ખેતરમાં પાણી વાળવાના સામાન્ય મુદ્દા ઉપર ઝગડો ઉભો કરાયો હતો. ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.ભિલોડા પોલીસ સ્ટેશન પી.એસ.ઓ. અરવિંદભાઈ પરમારના જણાવ્યા મુજબ રીંટોડા ગામના સીમ વિસ્તારમાં આવેલ ખેતરમાં પાણી વાળવા બાબતે ભુરજીભાઈ ખરાડી, થાવરાભાઈ ખરાડીનો સંયુક્ત કુવો બનાવાયો હતો. થાવરાભાઈએ કોદરભાઈને કહ્યું કે મારા ખેતરમાં પાણીની જરૂર છે તેથી મને ખેતરમાં પાણી વાળવા આપવું પડશે ત્યારે આ સામાન્ય મુદ્દા ઉપર ભુરજીભાઈ અને શર્મિષ્ઠાબેન સાથે સામાન્ય બોલાચાલી દરમ્યાન ઝગડો થયેલ હતો. આ બનાવ સંદર્ભે થાવરાભાઈની ધર્મપત્ની અને સરલાબેન પુત્રીને બિભત્સ મનફાવે તેમ અપશબ્દો બોલી તેમના શરીર ઉપર ઈજાઓ પહોંચાડી હતી.ભિલોડા તાલુકાના રીંટોડા ગામના ખેડુત થાવરાભાઈ ખરાડીએ આ બનાવ સંદર્ભે બે ઈસમો વિરૂધ્ધ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે બે ઈસમો વિરૂધ્ધ ગુનો દર્જ કરી ધારાધોરણ મુજબની કાર્યવાહી હાથ ધરેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામઞ મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન